પોલીસ અધિક્ષકની કચેરી, પંચમહાલ,ગોધરા,
સરનામું સિવીલ લાઇન્સરોડ, ગોધરા.- ૩૮૯૦૦૧,
પોલીસ કંટ્રોલ રૂમ ટે.નં.- (૦૨૬૭૨) ૨૪૨૫૦૪, ૨૪૫૯૭૨,
ફેકસ નંબર - (૦૨૬૭૨) ૨૪૨૮૧૨,
ઇ-મેઇલ એડ્રેસ - sp-pan@gujarat.gov.in

ક્રમાંકઃગનહ/આર.બી./૩૧૭૦/૨૦૨૨
પોલીસ અધિક્ષકની કચેરી
પંચમહાલ ગોધરા તા.૧૯/૦૯/૨૦૨૨

પ્રતિ,
એકઝીકયુટીવ શ્રી,
ગુજરાત ઇન્ફોર્મેટીક લીમીટેડ,
બ્લોક નં.૧, ૮ મો માળ,
ઉધોગ ભવન, ગાંધીનગર.

વિષયઃ- પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબત.

હવાલોઃ- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃજી-૧ (ક્રાઇમ)/ટે.ર / સારી કામગીરી/૧૭૮૧/૧૨ તા.૧૭/૫/૧૨
(૨) આપશ્રીના ફેકસ મેસેજ નં.સી.સી./કોન્સોલ/૫૮૦ /૨૦૧૨ તા.૨૩/૫/૨૦૧૨ આધારે

સવિનય ઉપરોકત વિષય અને હવાલા અન્વયે જણાવવાનું કે, પોલીસ વિભાગ ધ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબતે ઉપરોકત હવાલાવાળા પત્રથી જણાવવામાં આવેલ છે તો અત્રેના પંચમહાલ જીલ્લામાં તા.૧૨/૦૯/૨૦૨૨ થી તા.૧૮/૦૯/૨૦૨૨ સુધી પોલીસ ધ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગતનીચે મુજબ છે. જે આપશ્રીને વિદીત થાય.

ગુન્હા ડીટેકટ-૦૧

(૧) હાલોલ ટાઉન પો.સ્ટે ગુ.ર.નં.૧૧૨૦૭૦૨૮૨૨૦૩૯૨/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯ ના કામે પો.ઇન્સ. એસ.ઓ.જી શાખા ગોધરા નાઓને બાતમી મળેલ કે એક ઇસમ નામે રાહુલ મહેશભાઇ ચૌહાણ રહે.મીલવાળા બાળકોના દવાખાનાની પાછળ સાવલીવાડ ગોધરા નાનો એક સીલ્વર કલરનુ હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ ચાંથી છળકપટથી મેળવી મોટર સાયકલના સાધનીક કાગળો વગર વેચવા સારૂ ફરે છે અને હાલમા સાવલીવાડ વિશ્વકર્મા ચોક વિસ્તારમા આવનાર છે. તેવી બાતમી આધારે ઓપ્ટીકસ ચશ્મા ઘર પાસે વોચમા હતા અને બાતમી મુજબની મોટરસાયકલ આવતા તેને રોકી ચાલકનુ નામ ઠામ પુછતા રાહુલ મહેશભાઇ ચૌહાણ રહે.મીલવાળા બાળકોના દવાખાના પાછળ સાવલીવાડ ગોધરા નો હોવાનુ જણાવેલ જેને સદર મોટર સાયકલ ના કોઇ આધાર પુરાવા હોય તો રજુ કરવા જણાવતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી સદર મોટર સાયકલ ચોરી અથવા છળ કટ કે છેતરપીંડી કરી લાવેલ હોવાનો પાકો વહેમ હોવાથી મોટર સાયકલ ની કિ.રૂ.૩૦,૦૦,૦૦૦/- ની ગણી સી.આર.પી.સી. ક.૧૦૨ મુજબ કબજે લઇ ઉપરોકત ઇસમને સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબ અટક કરી ગોધરા શહેર એ ડીવીઝન પો.સ્ટે. ખાતે સોંપ્વામા આવેલ છે અને ઉપરોકત મોટર સાયકલ

**બાબતે તપાસ કરાવતા હાલોલ ટાઉન પો.સ્ટે. ખાતે ગુ.ર.નં.૧૧૨૦૭૦૨૮૨૨૦૩૯૨/૨૦૨૨ ઇ.પી.કો.ક. ૩૭૯ મુજબનો અનડીટેકટ ગુન્હો પો.ઇન્સ. એસ.ઓ.જી. શાખા ગોધરા નાઓ દ્વારા ડીટેકટ કરવામા આવેલ છે.**

**બનાવટી ચલણીનોટો અંગેનો શોધી કાઢવામા આવેલ કેસ- ૦૧**

(૧) કાંકણપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૮૨૦૩૩૬/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૪૮૯(ક), ૪૮૯(ઘ), ૪૮૯ (ચ)(૧),૧૧૪ મુજબનો ગુન્હો તા.૧૫/૦૯/૨૦૨૨ ક.૧૬/૫૦ વાગે મોજે.કાંકણપુર ગામે આરોપીઓ (૧) અશોકગીરી પરસોત્તમગીરી મેઘનાથી (ગોસ્વામી) ઉ.વ. ૪૫ હાલ રહે. મન એકજ્યોટીકા મકાન નંબર- ૧૦૩ બોપલ અમદાવાદ મુળ રહે. મોરૂકાગીર તા.તલાલા જી. ગીર સોમનાથ (૨) દિવ્યેશભાઇ જયંતીભાઇ કુશકીયા ઉ.વ. ૩૪ રહે. વેરાવળ બાયપાસ ચોકડી, સોલંકી ટાયરની પાછળ, આર્શીવાદ સ્કુલ રોડ વેરાવળ તા.વેરાવળ જી. ગીર સોમનાથ હાલ રહે.જી.એન.એફ.સી. ની પાછળ રંગીલા પાર્ક સોસાયટી,અમદાવાદ **નહી પકડાયેલ આરોપીઃ-** (૩) હરીશભાઇ ગોવીંદભાઇ વણઝારા રહે. કાંકણપુર તા.ગોધરા જી. પંચમહાલ (૪) મીનેન્દ્ર પગી રહે. લુણાવાડા મો.નં.૯૫૧૦૫૪૫૧૪૭ તે નાઓએ ભેગા મળી એકબીજાની મદદગારીથી આર્થીક લાભ મેળવવાના હેતુસર ભારતીય ચલણમાં ચાલતી ભારતીય રીઝર્વ બેંકની ચલણી નોટો રૂપિયા ૫૦૦ ના દરની પોતાના કબજાના લેપટોપમાં ભારતીય રીઝર્વ બેંકની ૫૦૦ ના દરની સાચી નોટ જેવી જ ચલણી નોટ બનાવી પ્રિન્ટર તેમજ ફર્મા વડે છાપી તેમજ છાપવાની પક્રિયાઓ કરી તથા બનાવટી નોટો બનાવવાનો કાગળોનુ સાહીત્ય પોતાના કબજા ભોગવટામાં રાખી જેમાં લેપટોપ,પ્રિન્ટરો,ભારતીય રીઝર્વ બેંકની ૫૦૦ ના દરની છાપેલી નોટોના કાગળો, બટર પેપર, કોરા કાગળો, કટર, ફુટપટ્ટી, પેન્સીલ, મોબાઇલ ફોન વિગેરે સાધનો કુલ કિ.રૂ. ૬૦,૪૫૭/- ની સાથે નં. ૧ તથા ૨ નાઓ પકડાય જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. એલ.સી.બી. ગોધરા નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**પકડેલ વોન્ટેડ આરોપીઓ-૦૮**

(૧) પાવાગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૫૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૨૭૯ તથા જી.પી.એકટ કલમ ૧૧૯ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪,૧૮૭ તથા પ્રાણીઓ સાચવણી અધિનિયમ ૬(એ),૮(૪) મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી રાહુલભાઇ મોહનભાઇ રાઠવા રહે.લીંમ્બાણી તા.પાવીજેતપુર જી.છોટાઉદેપુર નાઓને તા.૧૩/૦૯/૨૦૨૨ ક.૧૭/૧૫ વાગે પો.ઇન્સ. એલ.સી.બી. ગોધરા નાઓ દ્વારા હસ્તગત કરી પાવાગઢ પો.સ્ટે.ને સોપવામાં આવેલ છે.

**(૨) અમદાવાદ શહેરના નરોડા પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૧૦૨૫/૨૦૨૨ ઇ.પી.કો ક.૩૭૬(૨)(એન) મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપી જીવન કનુભાઇ પરમાર (મારવાડી) રહે.દેવીસિનેમા સામે નરોડા અમદાવાદ શહેર નાનો હાલમા મારવાડી વાસ ખાડી ફળીયા ગોધરા ખાતે હાજર છે. અને એસ.ઓ.જી. શાખાના પોલીસ સ્ટાફના ગોધરા ટાઉન વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓની તપાસમા પેટ્રોલીંગમા હોય બાતમીવાળી જગ્યાએ જઇ કાયદેસર કરવા સુચના કરતા તેઓએ બાતમીવાળી જગ્યાએ જઇ તપાસ કરી સદરી ઇસમ મળી આવેલ હોય CRPC કલમ.૪૧(આઇ) મુજબ તા.૧૩/૦૯/૨૦૨૨ ના ક.૨૧/૪૫ વાગ્યે પો.ઇન્સ. એસ.ઓ.જી. શાખા ગોધરા નાઓ દ્વારા હસ્તગત કરી આગળની કાર્યવાહી કરવા સારુ ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોપવામા આવેલ છે**

**(૩) વડોદરા જીલ્લાના વરણામા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૭૦૫૪૨૨૦૭૭૪/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯ તથા વડોદરા શહેર નંદેસરી પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૬૦૩૯૨૨૦૨૯૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૦૭,૩૩૨ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટની કલમ ૩ મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપી સુફીયાન સિંકન્દર સુથાર ઉર્ફે મોડાસાવાલા રહે. રહેમતનગર સદર સુલેમાની મસ્જીદ પાછળ ગોધરા જી.પંચમહાલ નાનો હાલમા લીલેસરા રોડ તકવા મસ્જીદ પાસે હાજર છે અને એસ.ઓ.જી. શાખાના પોલીસ સ્ટાફના ગોધરા ટાઉન વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓની તપાસમા પેટ્રોલીંગમા હોય બાતમીવાળી જગ્યાએ જઇ કાયદેસર કરવા સુચના કરતા તેઓએ બાતમીવાળી જગ્યાએ જઇ તપાસ કરી સદરી ઇસમ મળી આવેલ હોય CRPC કલમ.૪૧(આઇ) મુજબ તા.૧૩/૦૯/૨૦૨૨ ના ક.૨૧/૧૦ વાગ્યે પો.ઇન્સ. એસ.ઓ.જી. શાખા ગોધરા નાઓ દ્વારા હસ્તગત કરી આગળની કાર્યવાહી કરવા સારુ ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોપવામા આવેલ છે**

(૪) ગોધરા શહેર ' એ ' ડીવીઝન પો.સ્ટે એ પાર્ટ નં.૧૧૨૦૭૦૨૫૨૦૧૬૮૬/૨૦૨૦ ઇ.પી.કો ક.૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી, ૧૧૪ મુજબના ગુન્હાના કામે નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓ (૧) રાજેશ ઉર્ફે રાજુ મણીલાલ પરમાર (૨) નીતાબેન W/O રાજેશ ઉર્ફે રાજુ મણીલાલ પરમાર બન્ને રહે-સિધ્ધાર્થ સમન્વય-૨ એપાર્ટમેન્ટ, નવાયાર્ડ છાણી, વડોદરા (૩) મહમંદઆરીફ ઉર્ફે જાનુ મહમંદહનીફ પઠાણ (૪) કસીસ ઉર્ફે આરતી W/O મહમંદઆરીફ ઉર્ફે જાનુ મહમંદહનીફ પઠાણ નં-૩,૪ રહે-ખુશી એપાર્ટમેન્ટ ૩૦૨ બીલીમોરા મુળ રહે-બીસ્મીલ્લા પાર્ક,ગોરવા, નાઓ ઉપરોકત ગુન્હાના કામે નાસતા ફરતા/વોન્ટેડ હોય જેથી અંગત બાતમીદારથી મળેલ બાતમી અધારે પો.સ.ઇ. પેરોલ ફર્લો સ્કવોર્ડ પંચમહાલ ગોધરા નાઓએ **તા.૧૨/૦૯/૨૦૨૨** નારોજ **મોજે. બીલીમોરા જી-નવસારી મુકામેથી** હસ્તગત કરી આરોપીને આગળની વધુ તપાસ માટે ગોધરા શહેર એ.ડિવિ પો.સ્ટે. માં સોંપવામાં આવેલ છે.

(૫) વેજલપુર પો.સ્ટે. સી **પાર્ટ નં.૧૧૨૦૭૦૭૬૨૧૦૨૫૫/૨૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૫એ., ૬૫ઇ, ૮૧ મુજબના ગુન્હાના કામે નાસતા ફરતા/વોન્ટેડ આરોપી દીલીપસિંહ ઉર્ફે ટીનો ઉદેસિંહ ચૌહાણ ઉ.વ-૩૫ રહે-ભાદરોલી ખુર્દ ઘોડા ફળીયુ તા-કાલોલ નાઓને** ઉપરોકત ગુન્હાના કામે નાસતા ફરતા/વોન્ટેડ હોય જેથી અંગત બાતમીદારથી મળેલ બાતમી આધારે પો.સ.ઇ. પેરોલ ફર્લો સ્કવોર્ડ પંચમહાલ ગોધરા નાઓને આજરોજ **તા.૧૩/૦૯/૨૦૨૨** ના રોજ **મોજે ભલાણીયા પાટીયાથી** મુકામેથી હસ્તગત કરી આરોપીઓને આગળની વધુ તપાસ માટે **વેજલપુર પો.સ્ટે** માં સોંપવામાં આવેલ છે.

**એન.ડી.પી.એસ. એકટ હેઠળ શોધી કાઢવામા આવેલ કેસ- ૦૧**

(૧) **ગોધરા શહેર બી ડિવીઝન પો.સ્ટે બી.પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૨૦૪૧૦/૨૦૨૨ એન.ડી.પી.એસ.એકટ ૧૯૮૫ ની ક.૮(સી), ૨૧(સી), ૨૯ મુજબના કામે** તા.૧૮/૦૯/૨૦૨૨ **ના ક. ૧૧/૩૫ વાગ્યે મોજે.ગેની પ્લોટ આદમ મસ્જીદની પાછળ નદીની ધસમાં આરોપીઓ (૧) રીઝવાન હુસેન દલ રહે.મહોમદી મહોલ્લા મલા કંપાઉન્ડ ગોધરા (૨) ઇરફાન ઉર્ફે શત્રુ અબ્દુલ હમીદ દુર્વેશ રહે.ખંખારીયા પ્લોટ અશરફી મસ્જીદ પાસે ગોધરા (૩) હુસેન અબ્દુલ સલામ ગીતેલી ઉર્ફે પીછલી રહે.ગેની પ્લોટ ગોધરા નાઓએ પોતાના કબજામાં રાખેલ એક લંબચોરસ ખાખી પુઠ્ઠાના બોકસમાં પોતાના અંગત ફાયદા સારૂ Codeine શ્રેણીની નશીલી દવાની બોટલો ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે છુટક વેચાણ કરવાના ઇરાદે લાવી કુલ બોટલ નંગ-૧૫૬ કિ.રૂા.૨૭,૩૦૦/- તથા મળી આવેલ મો.સા. નંગ-૦૨ કિં.રૂ.૫૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૭૭,૩૦૦/- નો મુદ્દામાલ રાખી આરોપી નં.૧,૨ નાઓ પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

**જુગારધારા હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-૦૪**

(૧) **ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે બી.પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૨૦૪૦૦/૨૦૨૨ જુગાર ધારા કલમ-૧૨ મુજબના કામે** તા.૧૨/૦૯/૨૦૨૨ ક.૦૦/૪૫ **વાગે મોજે.ખાડી ફળીયા સીંદરી માતાના મંદરી પાસે ખુલ્લી જગ્યામાં આરોપીઓ (૧)સંજય પ્રભુદાસ ખ્રિસ્તી રહે.ખાડી ફળીયા સીંદુરી માતાના મંદીર પાસે ગોધરા (૨) દીલીપ ઉર્ફે દીલ્લી તેજુમલ સાધવાણી રહે.ઝુલેલાલ સોસાયટી ગોધરા (૩) રમેશભાઇ કશનાભાઇ મકવાણા રહે.ડોડપા ફળીયુ લક્ષ્મીનગર પાસે ગોધરા (૪) વિનોદકુમાર પરસોતમદાસ રામચંદાણી રહે.સતકેવલ સોસાયટી સાંપા રોડ ગોધરા**

(૫) દીલીપભાઇ ગોપાલભાઇ ભોઇ રહે. ભુરાવાવ જૈન સમ્રાટ સોસાયટી રેલ્વે ક્રસીંગ પાસે ગોધરા (૬) મહેન્દ્ર ધીરજલાલ ખરાદી રહે. શહેરા ભાગોળ ઇમરાન ચાલી રેલ્વે ફાટક પાસે ગોધરા (૭) ફરીદ મહંમદ મકરાણી રહે. ખાડી ફળીયા હુસેની મસ્જીદ સામે ગોધરા (૮) જયેશકુમાર ધનાભાઇ પરમાર રહે. પંચવટી સોસાયટી મકાન નં. ૫૬ સાંપા રોડ ગોધરા (૯) દયાળ કુંદનદાસ આહુજા રહે. મારૂતી ગેસ્ટ હાઉસ પાસે હરીદયા સોસાયટીની પાછળ ગોધરા (૧૦) રાજુભાઇ પ્રભુદાસ ખ્રિસ્તી રહે. ખાડી ફળીયા સીંદુરી માતાના મંદીર પાસે ગોધરા નાઓ ભેગા મળી ગંજી પાના પત્તાથી પૈસાનો હારજીતનો જુગાર રમી રમતા રેઇડ દરમ્યાન પકડાઈ ગયેલ હોય તેઓની અંગ જડતીમાંથી મળી આવેલ રોકડા રૂ.૨૩૪૮૦/- તથા દાવ ઉપરના રોક્ડા રૂ.૬૭૭૦/- તેમજ ગંજી પાના નંગ-૧૦૪ કિ.રૂ.૦૦/- મળી કુલ રૂ.૩૦,૨૫૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. એલ.સી.બી. ગોધરા નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૨) ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. બી.પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૨૦૪૦૧/૨૦૨૨ જુગાર ધારા ક.૧૨ મુજબના કામે તા.૧૨/૦૯/૨૦૨૨ ના ક.૦૨/૪૫ વાગ્યે મોજે.ગોધરા સાતપુલ હારૂન મસ્જીદની પાસે રહેતો યાકુબ અબ્દુલ સત્તાર પથીયાના ઘરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં આરોપીઓ (૧) યાકુબ અબ્દુલ સત્તાર પથીયા રહે.સાતપુલ હારૂન મસ્જીદની પાસે ગોધરા (૨) ખાલીદ ફારૂક કુરકુર રહે.મોહમદી મહોલ્લા ગોધરા (૩) ઇકબાલ યુસુફ મફત રહે.રાંટા પ્લોટ મદની મસ્જીદ પાસે વેજલપુર રોડ ગોધરા (૪) તૈયબ ઇકબાલ ચાનકી રહે.વાલી ફળીયા નં.૨ ચોકી નં.૬ ની બાજુમાં ગોધરા (૫) ઇરફાન ખુરશીદ શેખ રહે.ચેતનદાસ પ્લોટ ઝકરીયા મસ્જીદ પાસે વેજલપુર રોડ ગોધરા (૬) જાબીર મોહમદ ગરીબા રહે.જુની રોજી હોટલ પાસે સાતપુલ ગોધરા નાઓએ જાહેરમાં ખુલ્લી જગ્યામાં પાના પત્તાથી હારજીતનો જુગાર રમી રમાડી જુગાર રમવાના પાના પત્તા નંગ-૫૨ કિ.રૂ.૦૦/- તથા અંગ ઝડતીમાંથી મળેલ રોકડા રૂ.૫૬૧૦/- તથા દાવ ઉપરથી મળી આવેલ રોકડા રૂ.૯૫૫૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૧૫,૧૬૦/-ના મુદ્દામાલ સાથે પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(3) વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ “બી” ગુ.ર.નંબર.૧૧૨૦૭૦૭૬૨૨૦૪૦૯/૨૦૨૨ જુગાર ધારા કલમ-૧૨ મુજબના કામે તા.૧૩/૦૯/૨૦૨૨ ક-૨૨/૪૫ વાગ્યે મોજે.બેઢીયા ધુળા ખાતુની મુવાડી ગામે ખુલ્લામાં આરોપીઓ (૧) રાજેશભાઈ ઉર્ફે લાલો પ્રભાતભાઈ ચૌહાણ રહે.બેઢીયા ધુળાખાતુની મુવાડી તા.કાલોલ (૨) રાકેશભાઇ સાલમસિંહ ચૌહાણ રહે.બેઢીયા ધુળાખાતુની મુવાડી તા.કાલોલ જી.પંચમહાલ નાઓ ભેગા મળી જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પોતાના અંગત ફાયદા સારૂ પત્તા-પાનાનો જુગાર રૂપીયા વડે રમી રમાડી દાવ ઉપરના રોકડા કુલ.રૂ.૮૭૭૦/- તથા પકડાયેલ ઇસમોની અંગ જડતીમાંના રોકડા રૂ.૭,૪૫૦/- તથા સદર જગ્યાએથી મળી આવેલ પત્તા-પાના નંગ-૫૨ જેની કિમત રૂપિયા.૦૦/૦૦ મળી કુલ કિંમત.રૂ.૧૬,૨૨૦/- ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. વેજલપુર પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૪) વેજલપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૬૨૨૦૪૧૬/બી/૨૦૨૨ જુગાર ધારા ક.૧૨(અ) મુજબના કામે તા.૧૬/૦૯/૨૦૨૨ ના ક.૧૪/૪૫ થી ૨૩/૪૫ દરમ્યાન મોજે વેજલપુર બસ સ્ટેશન ની બાજુમાં આવેલ ખાડામાં બાવળની ઝાડીમાં છાપરામાં ખુલ્લી જગ્યામા આરોપીઓ (૧) ખાલીદ ઇબ્રાહીમ જાતે બદના રહે.વેજલપુર, નાના ઘાંચીવાડા, તા-કાલોલ, (૨) મહેન્દ્રભાઇ કેશવભાઇ પરમાર રહે.વેજલપુર, ચમારવાસ, તા-કાલોલ, (૩) જશવંતભાઇ શંકરભાઇ ચૌહાણ રહે.વેજલપુર, ખેડા ફળિયું, તા-કાલોલ, (૪) વિજયસિંહ ભુલસિંહ સોલંકી રહે.વાંટા(રીછીયા), ભાથિજીના મંદિર પાસે, તા-કાલોલ, જી-પંચમહાલ. (૫) સીદીક ઇસ્માઇલ જાતે ટપ

રહે.વેજલપુર, મોટા મહોલ્લા, તા-કાલોલ, (૬) પ્રભાતભાઇ મોહનભાઇ નાયક રહે.જોડીયાકૂવા, મંદિર ફળિયું, તા-કાલોલ (૭) દશરથસિંહ ફૂલસિંહ સોલંકી રહે.વાંટા(રીછીયા), મંદિર ફળિયા, તા-કાલોલ (૮) કનકસિંહ ડાહ્યાભાઇ રાઠોડ રહે.રાયસીંગપુરા, મંદિરવાળુ ફળિયું, તા-ગોધરા (૯) રશીદ મુર્તુજા પઠાણ રહે.પોપટપુરા, નિશાળ ફળિયું, તા-ગોધરા (૧૦) ગોરજીભાઇ આપસીભાઇ નાયક રહે.કાંટાવેડા, ફાટા ફળિયા, તા-ઘોઘંબા (૧૧) કરીમભાઇ મજીદભાઇ પથીયા રહે.વેજલપુર, મોટા ઘાંચીવાડા, તા-કાલોલ (૧૨) લાલાભાઇ રઇજીભાઇ ભોય રહે.વેજલપુર, સ્મશાનમાં, તા-કાલોલ (૧૩) નાનજીભાઇ કાંતીભાઇ નાયક રહે.જોડીયાકૂવા, મંદિર ફળિયું, તા-કાલોલ (૧૪) ઐયુબ ઉર્ફે દીગો હમીદ પથીયા રહે.વેજલપુર, હોળીચકલા, તા-હાલોલ નાઓ ઉપરોક્ત જગ્યાએ રેઇડ દરમિયાન વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી રમાડતા હોય તેવી બાતમી આધારે રેઇડ કરતા જેમા પકડાયેલ આરોપીઓ નં.૧ થી ૧૩ ની અંગજડતી માંથી મળેલ કુલ રોકડ નાણાં રૂ.૨૩,૦૮૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧૦, કિ.રૂ.૧૪,૦૦૦/- તથા ચાર મોટર સાયકલ ચાવી સાથેના કિંમત રૂ-૯૦,૦૦૦/- તથા જુગારના સાહિત્ય વરલી મટકા આંક લખેલ સટ્ટાબુક કાર્બન પેપર સાથેના નંગ-૩ કિ.રૂ.૦૦/૦૦ તથા ચાર કોરી સટ્ટાબુક કિંમત રૂ-૦૦/- તથા વરલી આંખ ફરકના આંક લખેલ કાપલી નંગ-૧૦ કિંમત રૂ-૦૦/- પેન નંગ-૩ કિંમત રૂ-૦૦ તથા ત્રણ રાયટીંગ પેડ કિંમત રૂ-૦૦/- તથા બે પાણીના જગ કિંમત રૂ-૪૦૦/- તથા એક પાથરણુ કિંમત રૂ-૦૦/- મળી કુલ રૂ.૧,૨૭,૪૮૦/- ના મુદ્દામાલ સાથે આરોપી નં.૧ થી ૧૩ પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી **સ્ટેટ મોનીટરીંગ સેલ, ગુ.રા. ગાંધીનગર નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

**પ્રોહીબિશન હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-૦૨**

**(૧) કાલોલ પોલીસ સ્ટેશન સી.પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૩૬૨૨૦૫૮૦/૨૦૨૨ ધી ગુજરાત પ્રોહી સુધારા અધિનિયમ ૨૦૧૬ ની ક.૬૫એ, ૬૫ઇ મુજબના કામે તા-૧૨/૦૯/૨૦૨૨ ના ક-૧૩/૧૫ વાગે મોજે-દેલોલ ગામે આરોપી જીગ્નેશકુમાર ઉર્ફે પાયલોટ મંગળસિંહ રાઠોડ રહે-રામનાથ રોડ દેલોલ ગામ તા-કાલોલ જી-પંચમહાલ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના રહેણાંક મકાનમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના ઈગ્લીશ દારૂના ૫૦૦ મી.લી.ના ટીનબીયર નંગ-૯૯ જેની કિં.રૂ.૧૨,૪૮૦/- તથા ઈગ્લીશ દારૂના કાચના ૧૮૦ મી.લી. ના મેગ્ડોલ ના ક્વાટરીયા નંગ-૨૦ જેની કિં.રૂ.૩,૯૦૦/- તથા ઈગ્લીશ દારૂના કાચના ૧૮૦ મી.લી.ના મેઝીકમુમેન્ટ ના ક્વાટરીયા નંગ-૧૦ જેની કિં.રૂ.૧૦૦૦/- તથા ઈગ્લીશ દારૂના પ્લાસ્ટીકના ૧૮૦ મી.લી.ના રોયલ સિલેક્ટ ના ક્વાટરીયા નંગ-૧૪૪ જેની કિં.રૂ.૧૪,૪૦૦/- મળી કુલ કિં.રૂ-૩૧,૭૮૦/- નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસની રેઇડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. કાલોલ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

**(૨) શહેરા પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૬૧૨૨૦૬૯૭/૨૦૨૨ પ્રોહી એકટ ક. ૬૫(એ), ૬૫(ઈ), ૯૮(૨) મુજબના કામે તા.૧૭/૦૯/૨૦૨૨ ના ક:૨૩/૨૫ વાગ્યે મોજે.મોરવા આઇ.ટી.આઇ કોલેજથી થોડે આગળ પાનમ કેનાલના પાંખીયા નજીક રોડ ઉપર આરોપી મનોજભાઇ મંગળભાઇ બારીઆ રહે.ખરોલી બારીઆ ફળીયુ તા.શહેરા જી.પંચમહાલ નાએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબ્જાની કાળા કલરની સિલ્વર કલરના પટ્ટાવાળી હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ રજી.નં.GJ.17.CB.6506 ની ઉપર ભારતીય**

બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટીકના ક્વાટર્સ નંગ-૨૪૦ કિ.રૂ.૨૮,૮૦૦/- તેમજ મો.સા.ની કિ.રૂ.૨૦,૦૦૦/- એમ કુલ મળી કિ.રૂ.૪૮,૮૦૦/- નો પ્રોહી મુદ્દામાલ લઇ આવી પોલીસની નાકાબંધી દરમ્યાન રોડની બાજુમા પોતાના કબ્જાની મો.સા. છોડી રાત્રીના અંધારાનો લાભ લઇ પાનમ કેનાલના પાંખીયાની આજુ-બાજુના ઝાડી-ઝાંખરામા થઇને સ્થળ ઉપરથી ક્યાંક નાસી જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. શહેરા પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(હિમાંશુ સોલંકી)
પોલીસ અધિક્ષક
પંચમહાલ ગોધરા

નકલ સવિનય રવાનાઃ-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક શ્રી સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો ગુ.રા.ગાંધીનગર
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી પંચમહાલ ગોધરા રેન્જ, ગોધરા.